**Received on - 17-05-18**
**Registered on -17-05-18**
**Decided on - 15- 04-19**
**Duration - Yr. Mo. Ds.**

**મે.હળવદના એડીશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**
**મુ. હળવદ**

**<u>ફોજદારી કેસ નંબર – ૧૬૫/૨૦૧૮</u>**
**આંક –**

**ફરીયાદી** : ઉપેન્દ્રભાઈ કાંતીલાલ માવાણી,
રહે. ૧૦૯, આલાપ ટાઉનશીપ, સરા રોડ,
તા. હળવદ, જી. મોરબી.

**<u>વિરુધ્ધ</u>**

**આરોપી** : **રવજીભાઈ પટેલ એન્ડ સન્સનાં પ્રોપરાઈટર,**
**જયંતિભાઈ આર. પટેલ,**
**રહે. સી/ઓ દર્શન ફુડ પ્રા.લી. હરીપર રોડ,**
**મુ.મહુવા, જી. ભાવનગર.**

**<u>ફરીયાદી તર્ફે વિ.વ.શ્રી. એમ.એમ.વાઘેલા</u>**
**<u>આરોપી તર્ફે વિ.વ.શ્રી એચ.એન.મહેતા</u>**

**બાબત :– <u>ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૮ મુજબ.</u>**

**<u>–: ઠરાવ:–</u>**

**૧:: ફરીયાદ ની હકીકત..**

ફરીયાદી ની ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીએ ડુંગળીનું વાવેતર કરેલ અને જે ડુંગળીનો પાક વેચાણ કરવા માટે અજયભાઈ આચાર્યને વાત કરેલ તેમજ આ કામનાં આરોપીએ પણ અજયભાઈને જણાવેલ કે, આ કામનાં આરોપીને પણ ડુંગળીની જરૂરીયાત છે તો " તમે મને કોઈપણ ખેડુત પાસેથી ડુંગળી અપાવજો અને તમારૂં કમીશન હું ચુકવી આપીશ." જેથી હળવદનાં અજયભાઈ આચાર્ય ફરીયાદીનાં પરીચીત હોય આથી અજયભાઈ આચાર્યને આ કામનાં આરોપીએ અને ફરીયાદીએ બંનેએ કમીશન એજન્ટ તરીકે રાખી આ કામનાં આરોપીને તા.૧૪/૨/૨૦૧૭ થી તા. ૨૪/૩/૨૦૧૭ દરમ્યાન કુલ હિસાબે નિકળતી રકમ રૂા. ૧૮,૫૮,૬૯૪– અંકે રૂપિયા અઢાર લાખ અઠાવન હજાર છ સો ચોરાણું પુરાની ડુંગળી આ કામનાં આરોપીને વેચાણ આપેલ અને તે ડુંગળી અજયભાઈ આચાર્યનાં જલારામ ટ્રાન્સપોર્ટ મારફત આ કામનાં આરોપી લઈ ગયેલ છે. આ કામનાં આરોપીએ ફરીયાદી પાસેથી ખરીદેલ ડુંગળી આ કામનાં આરોપીએ ફરીયાદીને બાકી લેણી નીકળતી રકમ માંહેથી રકમ (૧) રૂા. ૨,૪૫,૭૦૦/–અંકે રૂપિયા બે લાખ પીસતાલીસ હજાર સાતસો પુરાનો જેનો ખાતા નં. ૩૧૧૬૭૪૬૮૪૩૫ નો ભારતીય સ્ટેટ બેંક મહુવા શાખાનો ચેક નં. ૬૭૩૧૮૪ વાળો ચેક તા. ૧૬/૨/૨૦૧૮ ના રોજ ચેક તથા (૨) રૂા. ૬૯,૦૦૦/– અંકે રૂપિયા ઓગણસીત્તેર હજાર પુરાનો જેનો ખાતા નં. ૩૧૧૬૭૪૬૮૪૩૫ નો ભારતીય સ્ટેટ બેંક મહુવા શાખાનો ચેક નં. ૬૭૩૨૩૫ તા.૧૬/૧/૧૮ નો તથા (૩) રૂા.૨,૦૬,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ છ હજાર પુરાનો ખાતા નં. ૩૧૧૬૭૪૬૮૪૩૫ નો ભારતીય સ્ટેટ બેંક મહુવા શાખાનો ચેક નં. ૬૭૩૨૪૬ તા.૧૬/૧/૧૮ નો એમ ત્રણ ચેકો આપવામાં આવેલ. સદરહુ ચેક ફરીયાદીએ ભારતીય સ્ટેટ બેંક, હળવદ શાખાનાં ખાતામાં જમાં કરાવવા નાખેલ પરંતુ તે ચેક સૌ પ્રથમ તા. ૨૮/૦૩/૨૦૧૮ નાં રોજ પરત ફરેલ તેની ફરીયાદીને બેંક તરફથી જાણવા મળેલ ત્યારબાદ છેલ્લે ફરીયાદીએ આ કામનાં આરોપીનો મોબાઈલ પર સંપર્ક કરતાં આ કામનાં આરોપીએ જણાવેલ કે, " હાલ મારી પાસે રૂપિયા નથી, તમારે ઉઘરાણી કરવી નહી, જેથી ફરીયાદીએ જણાવેલ કે, મારે રૂપિયાની જરૂરીયાત હોઈ મને વ્યવસ્થા કરી આપો. તો આરોપી ખુબ ગુસ્સે થઈ ગયેલ અને જણાવેલ કે, તારા રૂપિયા નથી, આપવા થાય તે કરી લે." તેમ કહી ઉધ્ધતાઈપૂર્વક જવાબ આપેલ જેથી ફરીયાદીએ આ કામનાં આરોપીને તા.૭/૪/૨૦૧૮ નાં રોજ વકીલશ્રી મારફત નોટીસ આપેલ, જે નોટીસ આસામી મહુવા રહેતા હોય ત્યાં જવા પરત શેરા સાથે તા. ૧૧/૪/૧૮ નાં રોજ રીફ્યુસ થયેલ છે. તેમજ નોટીસ બજી ગયેલ હોવા છતાં આ કામનાં આરોપી ફરીયાદીને આજદીન

સુધી રકમ ચુકવેલ નથી. આ કામનાં આરોપીએ ફરીયાદી પાસેથી ઉધાર માલની ખરીદ હોય અને તેનાં બાકી લેણા રૂા. ૫,૨૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ વીશ હજાર પુરાનાં ચેકો આપી ફરીયાદીની રકમ ડુબાડવાનો પ્રયત્ન કરેલ હોય, તે ચેકો પરત થયેલ હોય, કાયદા મુજબ નોટીસ આપેલ હોય અને કાયદા મુજબ સમય પસાર થયા છતાં ચેકની રકમ પરત કરેલ નહી જેથી ફરીયાદીએ આરોપી વિરૂઘ્ધ ધિ નેગોશીયેબલ ઈસ્ટ્રુ.એકટ ની કલમ–૧૩૮ મુજબની હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

**૨:: આરોપી ને સમન્સ ની બજવણી તથા પ્લી બાબત...**

આ કામે ફરીયાદીએ ઉપરોકત હકીકત ની ફરીયાદ દાખલ કરતા આરોપી વીરૂઘ્ધ ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૮ અન્વયે નો સમન્સ કરેલ, જે આરોપી ને બજી જતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા આરોપી ને તેની સામેની ફરીયાદ અને ફરીયાદ સાથે રજુ કરેલા દસ્તાવેજો ની નકલ પુરી પાડવામાં આવેલ, અને ફરીયાદીએ આક્ષેપીત ગુના સબબ આરોપી ની પ્લી નોંધવામાં આવતા આરોપીએ ગુના નો ઈનકાર કરતા આ કેસ ની કાર્યવાહી આગળ ચલાવવા માં આવેલ અને ફરીયાદી નો પુરાવો નોંધવામાં આવેલ છે. આ કામે આરોપી ને ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૫૧ અન્વયે સમગ્ર ગુના નો સારાન્સ વાંચી સંભળાવી સમજાવી આંક –૦૭ થી આરોપી ની સમન્સ ટ્રાયેબલ ફોર્મ માં પ્લી નોંધવામાં આવેલ છે. બન્ને પક્ષો નો લંબાણ પુર્વકનો પુરાવો નોંધવામાં આવેલ છે. આમ આ કેસ ની કાર્યવાહી સમન્સ ટ્રાયબલ રીતે ચલાવવામાં આવેલ છે.

**૩:: ફરયાદી પક્ષે રજુ થયેલ પુરાવો...**

<u>અ – મૌખીક પુરાવો</u>

| અનુક્રમ નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ઉપેન્દ્રભાઈ કાંતીલાલ માવાણીની જુબાની | ૪ |
| ૨. | સાહેદ અજયભાઈ જગદીશચંદ્ર આચાર્યની જુબાની | ૩૩ |

<u>બ – દસ્તાવેજી પુરાવો</u>

| અનુક્રમ નંબર | વીગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | ચેક નં. ૬૭૩૧૮૪ | ૧૫ |
| ૨. | ચેક રીટર્ન મેમો | ૧૬,૧૭ |
| ૩. | ચેક નં. ૬૭૩૨૪૬ | ૧૮ |
| ૪. | ચેક રીટર્ન મેમો | ૧૯, ૨૦ |
| ૫. | ચેક નં. ૬૭૩૨૩૫ | ૨૧ |
| ૬. | ચેક રીટર્ન મેમો | ૨૨,૨૩ |
| ૭. | આર.પી. એ.ડી. એકનોલેજમેન્ટ સ્લીપ | ૨૫ |
| ૮. | આર.પી. એ.ડી. કવર તથા એકનોલેજમેન્ટ | ૨૬ |
| ૯. | કાંટા ચીઠ્ઠી કુલ–૧૦ | ૨૭ |
| ૧૦. | હિસાબ ચીઠ્ઠી | ૨૮ |

આ કામે આરોપીને સમંસ બજેલ અને આરોપી વિ.વ.શ્રી મારફત કોર્ટમાં હાજર રહેલ છે, પરંતુ ફરીયાદીના પુરાવા દરમ્યાન, આરોપી ગેર હાજર રહેતા, આરોપીને પકડ વોરંટ કરવામાં આવેલ, જે પકડવોરંટ કરવા છતા આરોપી કોર્ટ રુબરુ હાજર રહેલ નહી. આ સંજોગોમાં ના. વડી અદાલતના ૧૯૯૬ (૨) જી.એલ.એચ. ૫૭૪ ઉપર પ્રકાશીત થયેલ ચુકાદો ધ્યાને લઈ, આરોપી તેમની સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી લંબાવવા માંગતા હોવાનુ જણાઈ આવતા, આ કેસની કાર્યવાહી આરોપીની ગેરહાજરીમાં આગળ ચલાવવામાં આવેલ છે. આ કામે આરોપીનો ગેરહાજરીમાં ફરીયાદીનો પુરાવો નોંધવાનુ શરુ કરતા, આરોપી તરફે વિ.વ.શ્રી મહેતા એ ફરીયાદ પક્ષના સાહેદોની આરોપી તરફે ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, ન્યાયના હીતમાં, આરોપીના વિ.વ.શ્રી ને ફરીયાદી તથા ફરીયાદીના સાહેદોની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે તથા આરોપીને કોર્ટ રુબરુ હાજર રાખવાની તાકીદ કરવામાં આવેલ. પરંતુ આરોપી તરફે વિ.વ.શ્રી એ રજુઆત કરેલ કે તેઓએ આરોપીને કોર્ટ રુબરુ હાજર રહેવા સમજ કરેલ પરંતુ તેઓ હાજર રહેલ નથી. ફરીયાદી તરફે પોતાનો પુરાવો નોધાયા બાદ વધુ પુરાવો આપવા નહી માંગતા હોવાનુ જાહેર કરતા, આરોપીનો એફ.એસ. નોંધવા સારુ રાખવામાં આવેલ. આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી એ ફરીયાદ પક્ષની લીધેલ ઉલટતપાસ વંચાણે લેતા, આરોપી આ કેસ સંદર્ભે તેઓના વિ.વ.શ્રી ને સતત સુચના આપતા હોવાનુ જણાઈ આવે છે, પરંતુ પોતે આ કેસની કાર્યવાહી માટે હાજર રહેતા નહી હોવાનુ જણાઈ આવે છે જે બાબત ધ્યાને લેતા, આ કામે આરોપીનુ ફોજદારી કાર્યવાહી સંહીતા ની કલમ ૩૧૩ અન્વયે નીવેદન નોંધવા સારુ રાખવામાં આવેલ, પરંતુ આરોપી વીશેષ નીવેદન સારુ હાજર રહેલ નથી. આ કામે સમંસ

ટ્રાયેબલ રીતે ચલાવવામાં આવેલ છે, આરોપીને વારંવાર વોરંટ ઈસ્યુ કરવા છતા આરોપીએ આ વોરંટની બજવણી થવા દીધેલ નથી. તેમના વિ.વ.શ્રી ની રજુઆત મુજબ તેઓએ આરોપીને કોર્ટ રુબરુ હાજર રહેવા જણાવેલ પરંતુ તેઓ આવેલ નથી. ત્યારે સમંસ ટ્રાયેબલ રીતે ચાલેલ આ કેસમાં જેથી આરોપીનુ કલમ ૩૧૩ મુજબનુ વીશેષ નીવેદન નોંધવામાં આવેલ નથી, અને સદર કામ પક્ષકારોની દલીલ સારુ રાખવામાં આવેલ. ફરીયાદી તરફે વિ.વ.શ્રી એમ.એમ.વાઘેલા ની દલીલ સાંભળી. આરોપી તરફે વિ.વ.શ્રી એચ.એન. મહેતા તરફથી દલીલ કરવા સારુ મુદતની માંગણી કરેલ છે, જે મુદત અરજી નામંજુર કરી આરોપીનો દલીલનો હક બંધ કરવામાં આવેલ છે.

૪:: પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવો તથા દલીલના લક્ષ્યે લેતા હાથ ઉપરના કેસના ન્યાયીક નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**:: નિર્ણય અર્થેના મુદ્દા ઓ ::**

(૧):: શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, ફરીયાદીએ વટાઉખત અધિનીયમની કલમ ૧૩૮ તથા ૧૪૨(૧) ની આદેશાત્મક જોગવાઈઓ ને અનુસરીને હાલની ફરીયાદ કરેલ છે ?

(૨):: શું ફરીયાદપક્ષ સાબીત કરે છે કે, આ કામના ફરીયાદીએ આ કામના આરોપીને વેચાણ આપેલ ડુંગળીના લેણી રકમ પેટેની રકમ પૈ ખાતા નં. ૩૧૧૬૭૪૬૮૪૩૫ નો ભારતીય સ્ટેટ બેંક મહુવા શાખાનો ચેક નં. ૬૭૩૧૮૪ નો રકમ રૂા. ૨,૪૫,૭૦૦/– નો તા.૧૬/૧/૨૦૧૮ ના રોજ નો ચેક તથા તા. ૧૬/૧/૧૮ નો રુ. ૬૯,૦૦૦/– અ ચેક નં. ૬૭૩૨૩૫ નો ચેક તથા તા. ૧૬/૧/૧૮ નો રુ. ૨,૦૬,૦૦૦/– નો ચેક આપી, આ ચેક સ્વીકારાઈ જવાની ખાત્રી આપી, ફરીયાદીએ આ ચેક તેમની ભારતીય સ્ટેટ બેંક, હળવદ શાખામાં આ ચેક ભરતા, અપુરતા ભંડોળના શેરા સાથે પરત ફરાવેલ, ફરીયાદીએ આરોપીને તા. ૭/૪/૧૮ ના રોજ નોટીસ આપેલ, જે નોટીસ મળી ગયેલ હોવા છતા નોટીસમાં જણાવેલ સમયમાં ચેકની લેણી રકમ નહી ચુકવી ઘી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

(૩) શું હુકમ ?

**૫::** ઉપરોકત મુદ્દાના મારા તારણો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**<u>// નિર્ણય ના કારણો //</u>**

**૬::** ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગો. ઈન્સ્ટ્ર. એકટ ની કલમ ૧૩૮ અન્વયે દાખલ કરેલ છે. ત્યારે આ કાયદાની જોગવાઈઓ વંચાણ લેવી જરુરી છે.

**<u>કલમ –૧૩૮ :: ખાતામાં અપુરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર</u>**

સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈ પણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને આવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણકે એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેંક સાથે સમજુતીની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે,

આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદ ની શીક્ષા તથા ચેકની રકમની બે ગણી રકમનો દંડ અથવા બંને થઈ શકશે, પરંતુ તેમ ઠરાવવામાં આવ્યુ છે કે, (અ) જયાં સુધી ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદામાં માન્ય હોય તે મુદત એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમાં રજુ કરવામાં આવ્યો ન હોય.

(બ) જયાં સુધી તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારણ જેમ હોય તેમ, તે ચેક વણ ચુકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેની માહીતી મળ્યાના ત્રીસ દીવસની અંદર તે ચેક લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીથી માંગણી કરે નહી અને (ક) જયાં સુધી એવો ચેક લખનાર ચેકના નાણાં લેનાર પેઈ ને અથવા તે ચેકમાં યથાનુક્રમ ધારક ને જેમ હોય તેમ ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દીવસમાં એ

રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી ત્યાં સુધી કલમમાંનુ કશુ લાગુ પડશે નહી.

સ્પષ્ટીકરણઃ આ કલમના હેતુ માટે," દેવુ અથા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે."

**<u>કલમ –૧૩૯ : ચેકની ધારણકર્તાની તરફેણમાં અનુમાન :</u>**

વીરુધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત કરવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

વણચુકવ્યો પરત થયેલ ચેક હાલનુ કાયદેસરનુ દેવુ કે જવાબદારી અદા કરવા સારુ જ આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે.

આનાથી વીરુધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલા વણચુકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો, તેમ કરવાનો બોજો ચેક લખી આપનાર ઉપર રહે છે.

**<u>કલમ –૧૪૨: ગુનાનુ કોગ્નીજન્સ :</u>**

(અ) કોઈ પણ કોર્ટ, કલમ ૧૩૮ હેઠળ શીક્ષા પાત્ર કોઈ ગુનાનુ કોગ્નીજન્સ લઈ શકશે નહી સીવાય કે ચેક લેનાર અથવા પ્રસંગ પ્રમાણે તેના ધારકે કરેલી લેખીત ફરીયાદ ઉપરથી હોય,

(બ) કલમ ૧૩૮ પરંતુક ના ખંડ (ક) હેઠળ જે તારીખે દાવાનુ કારણ ઉપસ્થિત થયુ તે તારીખથી એક મહીનાની અંદર એવી ફરીયાદ કરી હોવી જોઈએ.

પરંતુ જો ફરીયાદી અદાલતને સંતોષ આપી શકે, સમય મર્યાદામાં ફરીયાદ નહી કરવા માટે, તેની પાસે પુરતુ કારણ હતુ તો, અદાલત ઠરાવેલ સમય મર્યાદા પછી, ફરીયાદ ધ્યાન ઉપર લઈ શકશે.

(ક) મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અથવા પ્રથમ વર્ગના જયુ. મેજીસ્ટ્રેટથી ઉતરતા દરજજાની કોઈપણ કોર્ટ કલમ ૧૩૮ હેઠળ શીક્ષાપાત્ર કોઈ ગુનો ચલાવી શકશે નહી.

(ડ) પરત કરાયેલ ચેક માટે એક જ વખત ગુનાનુ કોગ્નીજન્સ લઈ શકાય, પાવર

ઓફ એટર્નીની રુએ આપેલ ચેક પરત થાય તો પાવર ઓફ એટર્ની ધારક કુલમુખત્યારનામુ આપનાર સામે ફરીયાદ થઈ શકે.

**<u>કલમ : ૧૧૮ : વટાઉ ખત વીશે માની લેવા બાબત...</u>**

એથી વીરુધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ, આવુ દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યુ હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યુ હતુ અથવા તબદીલ કર્યુ હતુ.

(ખ)   તારીખ વીશે. : જેના ઉપર તારીખ હોય તેવુ દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ.

(ગ) સ્વીકારના સમય વીશે : સ્વીકારાયેલ દરેક વીનીમય પત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વ્યાજબી  સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતુ.

(ઘ) તબદીલીના સમય વીશે : કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

(ચ) શેરાઓના ક્રમ વીશે : કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનુ જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) સ્ટેમ્પ વીશે : ખોવાઈ ગયેલ પ્રોમીસરી નોટ, વીનીમયપત્ર અથવા ચેક .પર રીતસર સ્ટેમ્પ લગાડેલ હતો.

(જ) યથાક્રમ ધારક છે એમ માની લેવા વીશે.

**<u>કલમ: ૨૦ :</u>**

વટાઉખત સંબંધી ભારતમાં તે સમયે અમલમાં હોય તેવા કાયદા અનુસાર  સ્ટેમ્પવાળા કાગળ તદ્દન કોરા રાખીને અથવા તેના ઉપર અધુરુ વટાઉખત લખીને કોઈ એક વ્યકિત તેના ઉપર સહી કરીને બીજી વ્યકિતને સોંપે ત્યારે તે વ્યકિત, તેથી તે કાગળના ધારકને તેના ઉપર વધુમાં વધુ તે સ્ટેમ્પની મર્યાદામાં હોય તેટલી અને તેમા નીર્દીષ્ટ કરેલી રકમ તે યથા પ્રસંગ વટાઉખત બનાવવાનો અથવા પુરુ કરવાનો પ્રથમ દર્શને

અધીકાર આપે છે. એ રીતે સહી કરનાર વ્યકિતએ જે હેસીયતમાં વટાઉખત ઉપર સહી કરી હોય તે હેસીયતમાં તે વ્યકિત, તે વટાઉખત ઉપરથી તે રકમ માટે, યથાક્રમ ધારકને જવાબદાર રહેશે, પરંતુ યથાક્રમ ધારક સીવાયની વ્યકિત તે ખત સોંપનાર વ્યકિત પાસેથી તે ખત હેઠળ જેટલી રકમ આપવાનો તેનો ઈરાદો હોય તેથી વધુ રકમ વસુલ કરી શકશે નહી.

૭:: ફરીયાદીએ હાલની ફરીયાદ ધી. એન.આઈ. એકટ ની કલમ –૧૩૮ અન્વયે દાખલ કરેલ છે. હાલના કામે રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરતા અગાઉ પ્રસ્થાપીત કાયદાકીય હકીકતો ધ્યાને લઈએ તો, ચેક એ વીનીમયપત્ર છે અને વીનીમયપત્ર અન્વયે ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૧૮ મુજબ જો વીરુધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય, શેરાઓનુક્રમ, ગુમ થયેલ વીનીમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરના ક્રમ થી ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન કરી લેવામાં આવશે. તેવી જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ –૧૩૯ વંચાણે લેતા તેમાં, **" જયાં સુધી વીપરીત પુરવાર કરવામાં ન આવે, ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ –૧૩૮ માં જણાવેલ ચેક, કોઈ દેવુ અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશતઃ દેવા માટે મેળવ્યો હતો."** તેવી જોગવાઈ કરેલ છે. આમ, કલમ–૧૩૯ ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ છે. તેવી જ રીતે ધી નેગો. ઈન્સ્ટ્રમેન્ટ એકટ ની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વીનીમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપુર્ણ ક્રોસ હોય કે અપુર્ણ વીગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમદર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સત્તા હસ્તાંતર કરે છે કે, તેમાંની અપુર્ણ વિગત અથવા અન્ય જરુરી ભરવાની વિગત તેણે સંપુર્ણ કરી વીનીમયપત્ર ઉપયોગમાં લેવાનો છે. આમ, ઉપરોકત કલમ ૧૧૮,૧૩૯ તથા કલમ ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણા મુજબ હાલના ફરીયાદી વીનીમયપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે. સદરહુ કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે. અને જો વીરુધ્ધનુ પુરવાર કરવામાં આવે તો તેનુ કાનુની મુલ્ય રહેતુ નથી. આમ, વીરુધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ –૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવા અથવા અન્ય જવાબદારી, પુરેપુરી અથવા તેના કોઈ ભાગના બોજામાંથી મુકત

થવાના બદલામાં તે ચેક મેળવ્યા હશે. વણચુકવ્યો પરત થયેલ ચેક કાયદેસરનુ દેવુ કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે. આનાથી વીરુધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણચુકવ્યા ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે આપેલ ન હતો તેમ પુરવાર કરવાનો બોજો ચેક લખી આપનાર ઉપર રહે છે. આમ, કલમ–૧૧૮(એ) અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે. ચોકકસ અનુમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વીરુધ્ધનુ પુરવાર ન થાય ત્યાં સુધી તે ખંડીત થતા નથી.

૮:: અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો જરુરી છે કે, ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ અન્વયે ની દંડનાત્મક જોગવાઈ દેશમાં બેંક ધ્વારા થતા નાણાંકીય વ્યવહારોની વિશ્વસનીયતાને મજબુતી આપવા માટે કરવામાં આવેલ છે. ઉપરોકત કાયદાકીય હકીકતો ધ્યાને લેતા અદાલતે તકરારી ચેક કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ છે, તેવુ કાનુની અનુમાન કરવાનુ રહે છે. અલબત્ત, આથી વીરુધ્ધનો ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર રજુ કરી શકાય છે. આવો પુરાવો અધીનીયમની કલમ ૧૩૯ હેઠળના કાનુની અનુમાનને વ્યાજબી અને પ્રતીજન્ય રીતે ખંડીત કરી શકેલ છે કે નહી તેવી બાબત પ્રત્યેક કેસમાં રજુ કરેલ પુરાવાની વિગતો ઉપર અવલંબે છે. જો કલમ –૧૩૯ હેઠળના કાનુની અનુમાન અંગે પ્રતીપક્ષ ધ્વારા સંતોષકારક રીતે ખંડનાત્મક પુરાવો રજુ કરી પુરવાર કરવામાં ન આવે તો તેવુ અનુમાન ફરીયાદ પક્ષ ની તરફેણમાં આખરી અને નીર્ણયાત્મક બની રહે છે. ના. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **GIRISH NATAVARBHAI PATEL Vs. STATE OF GUJARAT & ANR 2006 (1) GLR Page No. 786** ઉપર પ્રકાશીત થયેલ ચુકાદામાં પણ ઉપરોકત હકીકત ઠરાવાયેલ છે.

ચેક એ કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ નથી તે હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપી ઉપર છે. વધુમાં, આ અધીનીયમની કલમ ૧૪૬ વંચાણે લેવામાં આવે તો, બેંક સ્લીપ અને રીટર્ન મેમા અંગે પણ કાયદાકીય અનુમાન કરવા જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી સદરહુ કાયદાકીય અનુમાનોને ખંડીત કરતો પુરાવો બચાવપક્ષે રજુ કરવો જરુરી છે. જે મુજબની કાયદાકીય પરિસ્થિતી ધ્યાને લઈ હાલના કેસમાં પુરાવાની ચર્ચા કરવી જરુરી છે.

**૯.૧: મુદ્દા નં. ૧ :**

ફરીયાદી તરફે દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદીએ હાલની ફરીયાદ ધી એન.આઈ.એકટ ની કલમ–૧૩૮ અન્વયેની આદેશાત્મક જોગવાઈઓનુ પાલન કરી દાખલ કરેલ હોવાની હકીકત દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ છે. જયારે બચાવપક્ષે દલીલ કરવામાં આવેલ છે કે ફરીયાદી આ અધીનીયમ ની કલમ૧૩૮ ની આદેશાત્મક જોગવાઈઓનુ પાલન કરી શકેલ નથી. આ કામે રજુ થયેલ દલીલ તથા કેસનુ રેકર્ડ તથા ફરીયાદી તરફે રજુ થયેલ સાહેદોના સોગંદ ઉપરના પુરાવા ધ્યાને લેવામાં આવે તો, આંક–૧૫ થી રજુ કરેલ ચેક નં. ૬૭૩૧૮૪ ધ્યાને લેતા આ ચેક તા. ૧૬/૧/૧૮ ની તારીખનો જણાઈ આવે છે, તથા આરોપી તરફે આંક–૧૭ નો ચેક રીટર્ન મેમો વંચાણે લેતા આ ચેક તા.૨૮/૩/૧૮ ના રોજ ફંડ ઈન સફીસીયન્ટ ના શેરા સાથે પરત ફરેલ છે. ફરીયાદી તરફે આંક–૧૮ થી રજુ થયેલ ચેક નં. ૬૭૩૨૪૬ વંચાણે લેતા તા. ૧૬/૧/૧૮ નો જણાઈ આવે છે. ફરીયાદી તરફે આંક–૨૦ થી રજુ થયેલ ચેક રીટર્ન મેમો વંચાણે લેતા તા. ૨૮/૧૩/૧૮ ના રોજના " ફંડ ઈનસફીસીયન્ટ ના શેરા સાથે પરત ફરેલ છે. ફરીયાદી તરફે આંક–૨૧ થી રજુ થયેલ ચેક નં. ૬૭૩૨૩૫ વંચાણે લેતા તા. ૧૬/૧/૧૮ નો જણાઈ આવે છે. ફરીયાદી તરફે આંક–૨૩ થી રજુ થયેલ ચેક રીટર્ન મેમો વંચાણે લેતા તા. ૨૮/૧૩/૧૮ ના રોજના " ફંડ ઈનસફીસીયન્ટ ના શેરા સાથે પરત ફરેલ છે.જે અંગે ફરીયાદીએ આંક–૨૪ ની નોટીસથી આરોપીને આ અધીનીયમ મુજબની નોટીસ મોકલી આપેલ હોવાનુ જણાઈ આવે છે. બચાવપક્ષે દલીલ કરવામાં આવેલ છે કે, આ નોટીસની બજવણી આરોપીને થયેલ ન હોય આરોપીએ હાલની નોટીસનું પાલન કરેલ નથી. આ કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ આંક–૨૫ ની રજી. એ.ડી.ની પહોચ વંચાણે લેવામાં આવે તો ફરીયાદીએ તા. ૭/૪/૧૮ ના રોજ આરોપીના મહુવા સરનામે રજી. એ.ડી. કરેલ હોવાનું જણાય આવે છે. ફરીયાદી તરફે આંક–૨૬ થી રજુ કરેલ રજી. એ.ડી.નુ કવર ધ્યાને લેતા, આ કામે ફરીયાદીએ ફરીયાદ દાખલ કરતાં સમયે, ફરીયાદનાં માથાળે જણાવેલ આરોપીના સરનામા મુજબનુ સરનામુ જણાઈ આવે છે. આ સરનામે સમન્સ કરતાં આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે. આરોપી તરફે રજુઆત કરવામાં આવેલ છે કે તેઓને આ કેસની પ્રોસેસ બજેલ નથી, પરંતુ તેઓને હાલના કેસની જાણ થતા તેઓ જાતે કોર્ટ રુબરુ હાજર થયેલ છે. અહીં તે વાત નોંધવી જરુરી છે કે

આરોપીને જો આ કેસનો સમંસ બજેલ ન હોય તો તેઓને આ કેસની માહીતી કેવી રીતે મળી તે બાબતે આરોપી તરફે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આમ, આરોપીને આ કેસનો સમંસ બજેલ હોવાનુ અનુમાન થઈ શકે છે. ફકત આ બજવણી થયેલ સમંસ બજવણી કરનાર એજન્સી મારફત પરત નહી થવાનો લાભ આરોપી પોતાની તરફેણમાં લઈ શકે નહી. આમ, આરોપીને આ કેસનો સમંસ બજેલ હોવાનુ અનુમાન થઈ શકે છે. ફરીયાદી તરફે આરોપીને જે સરનામે આ કેસનો સમંસ બજેલ છે તે જ સરનામે ફરીયાદી તરફે આરોપીને લીગલ નોટીસ મોકલી આપવામાં આવેલ છે, જે હકીકત ધ્યાને લેતા, જનરલ કલોઝ ની જોગવાઈઓ મુજબ આ સરનામે આરોપીને સમન્સ બજી ગયેલ હોવાનું અનુમાન થઈ શકે છે. ફરીયાદી તરફે રજુ થયેલ ફ આંક–૧ ની ફરીયાદમાં રજુ થયેલ સરનામુ ધ્યાને લેતાં, આંક–૨૫ ની રજી. એ.ડી. એકનોલેજમેન્ટ સ્લીપમાં જણાવેલ સરનામુ તથા આંક–૨૬ ના રજી. એ.ડી. ના કવર ઉપર જણાવેલ સરનામુ એક સમાન જણાય છે. જેથી આરોપીને ફરીયાદીએ મોકલી આપેલ લીગલ નોટીસ આરોપીના સરનામે બજી ગયેલ હોવાનું અનુમાન થઈ શકે છે અને તે મુજબ આરોપીને આ લીગલ નોટીસ બજી ગયેલ હોવાનું માનુ છું અને આરોપીનો ઉપરોકત બચાવ અસ્વીકાર્ય હોવાનું ઠરાવું છું. ફરીયાદી તરફે આંક–૨૪ થી રજુ થયેલ તા.૭/૪/૧૮ ની નોટીસ વંચાણે લેતા ફરીયાદીએ આ નોટીસમાં ફરીયાદીએ આરોપીની પાસેથી ડુંગળીની ખરીદીની લેણી રકમ પૈકીની રકમ ની ચુકવણી અંગે આંક–૧૫,૧૮ અને ૨૧ વાળા ચેક આપેલ, જે ફરીયાદીએ તેમની બેંકમાં ભરતા, અપુરતા ભંડોળના કારણે પરત આવેલ છે, જે ચેકના નાણા, નોટીસ મળેથી દીન –૧૫ માં ચુકવી આપવા જણાવવામાં આવેલ છે. ફરીયાદી તરફે ધી નેગો. ઈ.એ.ક. ૧૩૮ ની જોગાવાઈઓ મુજબની નોટીસ આપેલ હોવાનુ જણાઈ આવે છે. આરોપીએ ફરીયાદીએ આપેલ નોટીસનો સમયમર્યાદામાં અમલ કરેલ નથી. ત્યારબાદ ફરીયાદીએ હાલની ફરીયાદ તા. ૧૭/૫/૧૮ ના રોજ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. જે તમામ હકીકત ધ્યાને લેતા ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરવા સારુ ધી. નેગો.ઈ.એકટ ની કલમ ૧૩૮ ની આદેશાત્મક જોગવાઈઓનુ પાલન કરી હાલની ફરીયાદ દાખલ કરેલ હોવાનુ સચોટ પુરાવાથી પુરવાર થાય છે. જે તમામ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ મુદ્દા નં. ૧ ની હકીકત પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ " હકારમાં" ઠરાવવામાં આવે છે.

**૧૦:: મુદ્દા નં. ૨ ::**

ફરીયાદીની ફરીયાદ તથા ફરીયાદ પક્ષ નો પુરાવો અને આરોપી પક્ષનો પુરાવો તથા બચાવ ઘ્યાને લઈ, મુદ્દા નં.ર ના નીર્ણયઅર્થે નીચે મુજબના પેટા મુદ્દા ઉપસ્થિત થાય છે.

**એ... શુ ફરીયાદી તથા આરોપી વચ્ચેનો વ્યવહાર સમગ્ર રીતે કે અંશતઃ કોઈ દેવુ કે જવાબદારી અદા કરવા માટેનો હતો ?**

**બી... શું આરોપી નીભાવતો હોય તેવા ખાતા ઉપાડનો ચેક એ ખાતામાંથી ફરીયાદીને નાણાની ચુકવણી માટે આપેલ છે કે કેમ ? આ ચેક બેંકમાંથી ચેકના અસ્વીકાર માટે જમા રકમ અપુરતા ભંડોળના શેરા સાથે પરત ફરેલ છે ?**

**સી... શું ફરીયાદીએ વણચુકવેલ રકમના ચેકની નોટીસ આરોપીને નીયત સમયમર્યાદામાં આપેલ છે ?**

**ડી... શું આરોપી ધી. ને.ઈ.એકટ ની કલમ–૧૩૯ અન્વયે " ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન" અન્વયે ની વીરુઘ્ધની હકીકત પુરવાર કરી શકેલ છે ?**

૧૦.૧:: ફરીયાદપક્ષે, આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ –૧૩૮ મુજબ શીક્ષાપાત્ર ગુનાનો આક્ષેપ મુકેલ છે. આરોપી વીરુઘ્ધ જે ગુનાનો આક્ષેપ છે તે અન્વયે કાયદામાં કરવામાં આવેલ ફરજીયાત અનુમાનોને લગતી જોગવાઈઓ ઘ્યાને લેવી જરુરી છે. આ અધીનીયમ ની કલમ ૧૩૯, ૧૧૮ માં કરવામાં આવેલ કાયદાકીય અનુમાનો ઘ્યાને લેવામાં આવે તો, કાયદામાં આપવામાં આવેલ ફરજીયાત અનુમાનો સામે ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી બચાવપક્ષના શીરે છે. આ તબકકે ના. એપેક્ષ કોર્ટ **ઘ્વારા KISHNA JANARDHAN BHAT Vs. DATTATRAYA G. HEGDE, 2008 AIR SC Page No. 1325 ઉપર પ્રકાશીત થયેલ ચુકાદામાં ઠરાવાયેલ છે કે, " આરોપીઓએ આ અધીનીયમના અનુમાનોનુ ખંડન કરવા માટે સાહેદના પાંજરામાં આવવાની જરુર નથી. પરંતુ તેઓ ફરીયાદપક્ષના પુરાવાના આધારે પણ અનુમાનોનુ ખંડન કરી શકે છે. "**

જો આરોપી ઘ્વારા અનુમાનોનુ ખંડન કરતો પ્રાથમીક પુરાવો રજુ કરવામાં આવે તો દેવુ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર પ્રસ્થાપીત થાય છે. જો આરોપી આવુ ખંડન ન કરી શકે તો આરોપીએ ચેક કાયદેસરના દેવા તથા જવાબદારી પેટે આપેલ હોવાનુ

અનુમાન થાય છે. જે તમામ હકીકતો ધ્યાને લઈ આ કામે ઉપરોકત પેટા મુદ્દા નં. એ થી ડી ની ચર્ચા કરવી જરુરી છે.

૧૦.૨:: હાલના કામે ઉપરોકત હકીકત અનુસંધાને બંને પક્ષો તરફથી રજુ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો, ફરીયાદી પોતાની આંક–૦૪ ની સોગંદ ઉપરની સરતપાસમાં ફરીયાદપક્ષ ની હકીકતને સમર્થનકારી હકીકત જણાવેલ છે કે ફરીયાદી એ આરોપીને ડુંગળીનું વેચાણ કરેલ જેનાં નાણા આરોપીએ આજદીન સુધી પરત આપેલ નથી. ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને ફરીયાદવાળા ચેક આપેલ. જે આરોપીએ આપેલ વિશ્વાસ મુજબ ફરીયાદીએ બેંકમાં ભરતા સ્વીકારાયા વગર પરત ફરેલ છે. બચાવપક્ષે ફરીયાદીની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ ઉપરોકત હકીકતથી વીરુઘ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આરોપી તરફે સદર ફરીયાદીની કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો ડુંગળીનુ તેઓએ વાવેતર નહી કરેલ હોવાનુ, તથા આ ડુંગળી આરોપીને સીધી વેચાણ નહી કરેલ હોવાનુ અને આરોપીએ તેમની હાજરીમાં ફરીયાદવાળા ચેકમાં સહી અને વિગત ભરી તેમને આપેલ નહી હોવાનો બચાવ લેવામાં આવેલ છે તેમજ આ ડુંગળી ફરીયાદીએ અજયભાઈ આચાર્યને આપેલ પરંતુ આરોપી ને આવો કોઈ માલ નહી આપેલ હોવાનુ અને આરોપી પાસેથી આવી કોઈ લેણી રકમ નહી નીકળતી હોવાનો બચાવ લેવામાં આવેલ છે

આ કામે બચાવ પક્ષે લીધેલ ઉપરોકત બચાવ અંગે, બચાવ પક્ષે પોતે કોઈ પુરાવો રજુ કરેલ નથી. પરંતુ બચાવપક્ષે કરવામાં આવેલ ફરીયાદી તથા ફરીયાદીના સાહેદોની ઉલટતપાસ ઉપર આધાર રાખેલ છે. આ કામે ફરીયાદીનો આંક–૪ નો પુરાવો વંચાણે લેતા પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓએ તેમની જમીનમાં ડુંગળીનુ વાવેતર કરેલ અને આ ડુંગળી, એજન્ટ અજયભાઈ આચાર્ય મારફત કુલ રુ. ૧૮,૫૮,૬૯૪/– ની વેચાણ કરેલ હોવાની હકીકતને વળગી રહેલ છે. બચાવ પક્ષે ફરીયાદ પક્ષની કરવામાં આવેલ ઉલટતપાસમાં ઉપરોકત હકીકતથી વીરુઘ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આ કામે ફરીયાદ પક્ષે સાહેદ અજયભાઈ આચાર્યનો આંક–૩૩ થી પુરાવો રજુ કરેલ છે, આ સાહેદની બચાવપક્ષે વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો વંચાણે લેતા, આ સાહેદ પોતાના પુરાવામાં ફરીયાદીએ આરોપીને તેમના મારફત, ડુંગળી

વેચાણ કરેલ હોવાની, અને આ ડુંગળી તેઓની ટ્રાન્સપોર્ટ ઓફીસની ટ્રકો મારફત આરોપીને પહોંચાડેલ હોવાની હકીકત રજુ રાખે છે. આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં આંક–ર૭ ની પહોંચો તે તેમની ટ્રાન્સપોર્ટ ઓફીસ મારફતે આરોપીને પહોંચાડેલ ડુંગળીની પહોંચ હોવાનુ તથા તેમાં તેમના ટ્રાન્સપોર્ટ ઓફીસના કર્મચારીની સહી હોવાની તથા આંક–ર૮ વાળી કાચી ચીઠ્ઠીઓ તેઓએ કમીશન એજન્ટ તરીકે ફરીયાદને આરોપી પાસેથી લેણી થતી રકમની કાચી ચીઠ્ઠી હોવાની અને તેમાં તેઓની સહી હોવાનુ સ્વીકારે છે. આ સાહેદની આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ આરોપીને આ ડુંગળી પહોચાડેલ હોવાનુ સોગંદ ઉપર જણાવે છે, તથા તેઓ આરોપી પાસેથી આ ડુંગળીની લેણી રકમ ફરીયાદીને અપાવવા આરોપીની ઓફીસ તથા ઘરે ગયેલ હોવાની હકીકત જણાવે છે. આમ, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવો વંચાણે લેતા, ફરીયાદીએ આરોપીને ફરીયાદ મુજબની ડુંગળી વેચાણ કરેલ હોવાનુ ફરીયાદી પુરવાર કરવામાં સફળ રહેલ છે.

આ અધિનીયમની કલમ–૧૩૯,૧૧૮ અને કલમ–ર૦ માં આપેલ કાયદાકીય અનુમાનો વિરૂઘ્ધની ખંડનાત્મક હકીકતો રેકર્ડ ઉપર લાવવાનો બોજો આરોપી ઉપર રહેલ છે. આરોપીપક્ષે આ કામે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આ કામે ફરીયાદી તરફે ફરીયાદીતથા ફરીયાદીના સાહેદ અજયભાઈ આચાર્યનો પુરાવો રજુ છે. જેઓ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં ફરીયાદવાળા ચેક બાબતે ફરીયાદની હકીકતને સમર્થન કારી હકીકત જણાવે છે. આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ સાહેદ અજયભાઈ ફરીયાદવાળા ચેક આરોપીએ તેઓને કુરીયર મારફતે પોતાની સહી કરી અને તેમના મહેતાજી ના અક્ષરમાં ચેકની વિગત ભરી, ફરીયાદીને તેમની લેણી રકમ પૈકીની રકમ પેટે આપવા સારુ મોકલી આપેલ હોવાનુ અને આ ચેક તેઓએ આરોપીની સુચના મુજબો ફરીયાદીને આપેલ હોવાની હકીકત રજુ રાખે છે. આ સાહેદ એવી હકીકત રજુ રાખે છે કે, જયંતીભાઈએ જણાવેલ કે આ પેમેન્ટ પુરુ થઈ જાય એટલે પછી હું તમને બાકીની રકમ ચુકવી દઈશ. આમ, ફરીયાદી તથા સાહેદ અજયભાઈનો ઉપરોકત પુરાવો વંચાણે લેતા, ફરીયાદીએ આરોપીને વેચાણ આપેલ ડુંગળીના બાકી લેણા પૈકીની રકમ અંગે આરોપીએ પોતાની સહી કરી, ફરીયાદવાળો ચેક આપેલ હોવાનુ ફલીત થાય છે. બચાવ પક્ષે આ સાહેદોની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ ઉપરોકત હકીકતોનુ ખંડનો કરતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ

નથી.

ના. સર્વોચ્ચ અદાલતના **<u>K.N.BEENA Vs. MUNIYAPPAN, 2001 AIR SC Page No. 2895</u>** **ના ચુકાદામાં ઠરાવાયેલ છે કે, "ધી.એન.આઈ.એકટ ની કલમ ૧૧૮ તથા કલમ ૧૩૯ મુજબ જો વીરુધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો ચેકના ધારકે, ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે સ્વીકારેલ છે, તેવુ અનુમાન કરવાનુ છે."**

આમ, આ કામે રજુ થયેલ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા તથા આ અધીનીમયમાં કરવામાં આવેલ અનુમાનો અંગેની કલમ ૧૩૯ તથા કલમ ૧૩૮ ની જોગવાઈ તથા ના. સર્વોચ્ચ અદાલતનો ઠરાવેલ ઉપરોકત સીધ્ધાંત ધ્યાને લેતા, ફરીયાદ પક્ષ પોતાનુ કાયદેસરનુ લેણુ તથા જવાબદારી સાબીત કરી શકેલ છે અને આ અધીનીયમમાં કરવામાં આવેલ ફરજીયાત અનુમાનો વીરુધ્ધની કોઈ હકીકત આરોપી રેકર્ડ ઉપર લાવી શકેલ નહી હોવાનુ મારુ માનવુ છે.

**૧૧.૧::** આ કામે ફરીયાદ પક્ષે આંક–૧૫,૧૮ અને ૨૧ થી ચેક રજુ કરવામાં આવેલ છે, જે ચેકમાં આરોપીની સહી નહી હોવા બાબતે બચાવપક્ષે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. આ કામે ફરીયાદી પક્ષ તરફથી આંક–૧૭,૨૦ અને ૨૩ થી ચેક રીટર્ન મેમો રજુ કરેલ છે, જેમાં શાખા પ્રબંધક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, સ્ટેશન રોડ હળવદ શાખાની સહી છે. ત્યારે આ અધીનીયમ ની કમલ ૧૪૬ મુજબ આ દસ્તાવેજો સંદર્ભે આરોપી વીરુધ્ધનુ પુરવાર ન કરી શકે તો તે સાચા હોવાનુ અનુમાન કરવાનુ રહે છે. આ કામે આરોપી તરફે રજુ થયેલ પુરાવો તથા ફરીયાદ પક્ષની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતા,આરોપી ઉપરોકત અનુમાનો વીરુધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**૧૧.૨::**ફરીયાદીની ફરીયાદ તથા આંક–૪ ની જુબાની વંચાણે લેવામાં આવતા, ફરીયાદી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદની હકીકતને સમર્થનકારી હકીકત જણાવે છે, તથા આરોપીએ ડુંગળીની ખરીદીના ચુકવણી પેટે ફરીયાદવાળા એસ.બી.આઈ., મહુવા શાખાનો ફરીયાદ વાળા ચેક નં. ૬૭૩૧૮૪ નો રકમ રૂા. ૨,૪૫,૭૦૦/– નો તા.૧૬/૧/૨૦૧૮ ના રોજ નો ચેક તથા તા. ૧૬/૧/૧૮ નો રુ. ૬૯,૦૦૦/– અ ચેક નં. ૬૭૩૨૩૫ નો ચેક તથા

તા. ૧૬/૧/૧૮ નો રુ. ૨,૦૬,૦૦૦/– નો ચેક આપેલ હોવાની હકીકત જણાવે છે, તથા આ ચેક ફરીયાદી એ પોતાની એસ.બી.આઈ., હળવદ શાખામાં ભરતા ૨૮/૩/૧૮ ના રોજના રીટર્ન મેમાથી આ ચેક " ફંડ ઈનસફીસીયન્ટ" ના શેરા સાથે પરત ફરેલ હોવાની હકીકત જણાવેલ છે. ફરીયાદ પક્ષે આ કામે આંક–૧૫,૧૮ અને આંક–૨૧ થી અસલ ચેક, તથા આંક– ૧૭,૨૦ અને આંક–૨૩ થી ચેક રીટર્ન મેમો રજુ કરેલ છે.

ના. વડી અદાલત ધ્વારા **૧૯૯૬(૨) જી.એલ.આર. ૭૫૧ ઉપ પ્રકાશીત થયેલ સંજય જયંતીલાલ શાહ વીરુધ્ધ પંકજ મશરુવાલા ના કેસમાં પ્રસ્થાપીત કરેલ છે કે , "સંપુર્ણ ચેક કોના અક્ષરમાં લખાયેલ છે તે મહત્વનુ નથી, પરંતુ કલમ ૧૩૮ અન્વયે ચેક આપનારની સહી જ મહત્વની છે."**

અધીનીયમની કલમ – ૨૦ માં કરવામાં આવેલ જોગવાઈઓ તથા ના.વડી અદાલતના ઉપરોકત સંજય જયંતીલાલ શાહ ના કેસમાં ઠરાવેલ ચુકાદા અનુસંધાને ઉપરોકત તમામ પુરાવો તથા હકીકતો ધ્યાને લેતા, ફરીયાદવાળા આંક–૧૫, ૧૮ અને આંક–૨૧ ના ચેક, આરોપી નીભાવતો હોય તેવા ખાતા ઉપાડનો ચેક એ ખાતામાંથી ફરીયાદીને નાણાની ચુકવણી માટે આપેલ હોવાનુ અને આ ચેક બેંકમાંથી ચેકના અસ્વીકાર માટે જમા રકમ અપુરતા ભંડોળના શેરા સાથે પરત ફરેલ ફરેલ હોવાનુ ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ છે. આરોપી તરફે પોતાના પુરાવાથી કે ફરીયાદીના પુરાવાની આ હકીકતથી વીપરીત એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આરોપી સફળ રહેલ નહી હોવાનુ ઠરાવુ છુ.

**૧૨::** બચાવ પક્ષે બચાવ લેવામાં આવેલ છે કે, આરોપીને સમય મર્યાદામાં ચેકના નાણા ભરપાઈ કરી આપવા સારુ નોટીસ પાઠવવામાં આવેલ નથી. આ કામે રેકર્ડ વંચાણે લોતા, ફરીયાદ પક્ષેફરીયાદીના પુરાવામાં, આરોપીએ આપેલ ચેક વણ ચુકવેલ પરત ફરતા, તે અંગે ફરીયાદીને આરોપીને આંક–૨૪ વાળી નોટીસ મોકલી આપેલ હોવાની હકીકત જણાવેલ છે. જે નોટીસમાં જણાવેલ સરનામુ વંચાણે લેવામાં આવે તો, ફરીયાદમાં જણાવેલ આરોપીનુ સરનામુ અને સદર નોટીસનુ સરનામુ એક જ જણાઈ આવે છે, જે સરનામે આરોપીને આ કેસનો સમંસ બજેલ છે, જે હકીકત પણ ધ્યાને લેવી જરુરી છે. ઉપરોકત હકીકતો ધ્યાને લેતા, ફરીયાદવાળો ચેક તા. ૨૮/૩/૧૮ ના રોજ વણચુકવેલ પરત ફર્યાના દીન–૩૦ એટલે કે તા.૭/૪/૧૮ ના રોજ ફરીયાદીએ નોટીસ મોકલી આપેલ હોવાનુ અને આ નોટીસ આરોપીને

મળી ગયેલ હોવાનુ અનુમાન થઈ શકે છે.

**૧૩::** ઉપરોકત તમામ ચર્ચા મુજબ, આરોપીએ ફરીયાદીને તેઓની લેણી રકમ પેટે આંક–૧૫,૧૭ અને આંક–૨૩ વાળા ચેક તેઓની સહી કરી આપેલ હોવાનુ પુરવાર થાય છે. જેથી ધી એન.આઈ.એકટ ની કલમ –૧૩૯ અન્વયે ફરીયાદીની તરફેણમાં કાનુની અનુમાન કરવુ જરુરીછે.જે અનુમાનોનુ ખંડન કરવા માટે બચાવપક્ષે જે બચાવ લીધેલ છે તે બચાવની હકીકતો માની શકાય તેમ નથી.

ના. **સર્વોચ્ચ અદાલતે એ.આઈ.આર. ૨૦૧૦ સુ.કો. પેજ નં. ૧૮૯૮** ઉપર પ્રકાશીત થયેલ રંગપ્પા વી. મોહન ના કેસમાં પેરા–૧૫ માં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત વંચાણે લેતા, ના. એપેક્ષ કોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે, " **ચેકમાં આરોપીની સહી હોવાનુ સાબીત થાય તો આ ચેક આરોપીએ દેવાની ચુકવણી માટે આપેલ હોવાનુ વૈધાનીક અનુમાન થાય"**

જે તમામ હકીકતો ધ્યાને લેતા, આ અધીનીયમમાં કરવામાં આવેલ કલમ–૨૦, ૧૧૮ તથા ૧૩૯ માં કરવામાં આવેલ જોગવાઈ તથા ના. વડી અદાલત તથા ના. એપેક્ષ કોર્ટના ઉપરોકત ચુકાદા વંચાણે લેતા, ફરીયાદીએ ફરીયાદની હકીકત મુજબ આરોપીને કહેવાતી રકમની ડુંગળી વેચાણ આપેલ હતી અને તે રકમ ચુકવવા માટે આંક–૧૫,૧૮ અને આંક–૨૧ વાળા ચેક આરોપીએ આપેલ હતો જે ચેક અપુરતા ભંડોળના કારણે પરત થયેલ હોવાનુ અને જે બાદ આરોપીને ફરીયાદીએ કાયદેસરની નોટીસ આપેલ હોવા છતા, નોટીસમાં જણાવેલ સમયમાં કે તે બાદ તે ચેકની લેણી રકમ આરોપીએ ચુકવી આપેલ નહી હોવાનુ અનુમાન થઈ શકે છે.

ના. એપેક્ષ કોર્ટના **AIR 2001 SC Page No. 3897, Hiten P. Dalal Vs. Batindranath Benarji ના ચુકાદામાં ના. એપેક્ષ કોર્ટ ધ્વારા ઠરાવાયેલ છે કે, " આરોપીએ એવો પુરાવો રજુ કરવો જોઈએ કે જેથી નોન પ્રોબેબીલીટી ઓફ ફેકટ બાબતે કોર્ટ અનુમાન કરી શકે.આ માટે આરોપીએ સક્ષમ પુરાવો પોતાના સમર્થનમાં મુકવો જોઈએ, જેથી કોર્ટ તેનુ અનુમાન કરી શકે. "**

**ના. એપેક્ષ કોર્ટના AIR 1999 SC Page No. 1008 ના ચુકાદામાં ના. એપેક્ષ**

**કોર્ટ ધ્વારા ઠરાવાયેલ છે કે, " The defendant to prove, the non-existence of the consideration by either direct or by bringing on the record the preponderance of probabilities by reference to the circumstances upon which he relies."**

આ કામે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લેતા, ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સીધ્ધાંત મુજબનો ફરીયાદપક્ષની તરફેણમાં કરેલ અનુમાનથી વીરુધ્ધની હકીકતો સંબંધે અનુમાન કરવા લાયક પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં આરોપી સફળ રહેલ નથી. આમ, બચાવ પક્ષે લેવામાં આવેલ બચાવ અંગે આરોપી માનવાલાયક પુરાવો રેકર્ડ ઉપર લાવેલ નથી અને ફરીયાદ પક્ષે થયેલ પ્રાથમીક અનુમાનો વીરુધ્ધની કોઈ હકીકત પુરવાર કરવામાં બચાવપક્ષ સફળ રહેલ નથી, ત્યારે ફરીયાદીની તરફેણમાં કરેલ પ્રાથમીક અનુમાન આખરી અને નિર્ણાયક બને છે. જે મુજબ ફરીયાદીએ આરોપીને પોતાની ડુંગળી વેચાણ આપેલ જેની રકમ ચુકવવા માટે આરોપીએ આંક–૧૫,૧૮ અને આંક–૨૧ વાળા ચેક આપેલ અને તે ચેક એકસીડ એરેન્જમેન્ટ ના કારણે પરત થયેલ. જે બાદ આરોપીને કાયદેસરની નોટીસ આપેલ હોવા છતા નોટીસમાં જણાવેલ ચેકની રકમ નોટીસ સમયમાં કે તે બાદ ફરીયાદીને ચુકવી આપેલ નથી અને તેમ કરીને આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ –૧૩૮ અન્વયે નો શીક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનુ ફલીત થાય છે. જે તમામ હકીકતો ધ્યાને લેતા ઉપરોકત તમામ ચર્ચા મુજબ પેટા મુદ્દા નં.' એ' થી 'ડી' નો જવાબ ફરીયાદપક્ષની તરફેણમાં આપુ છુ, અને તે મુજબ ફરીયાદપક્ષ પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરેલ હોઈ, મુદ્દા નં. ૨ નો જવાબ "હકારમાં" આપી, મુદ્દા નં. ૩ પરત્વે સજાનો આખરી હુકમ કરતા પુર્વે આરોપીને સજા બાબતે સાંભળવા જરુરી જણાઈ આવતુ હોઈ, હાલનુ કામ સજા બાબતે સાંભળવા મુલત્વી રાખવામાં આવે છે.

તા.૧૫/૦૪/૧૯

( બકુલકુમાર મણીલાલ રાજ)
એડીશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
હળવદ. તા. હળવદ. જી. મોરબી
UIC : GJ 01462

**:: સજા અંગે સાંભળ્યા બાદ હુકમ ::**

**૧૪.૧::** સાંભળ્યા. સજા બાબતે ફરીયાદી તરફે વિ.વ.શ્રી એમ.એમ.વાઘેલાને સાંભળ્યા. સદર કામ આજરોજ સજા અંગે સાંભળવા સારુ રાખવામા આવેલ હતુ. આજરોજ આરોપીનો પોકાર કરાવતા હાજર નથી. આજરોજ આરીપી તરફે વિ.વ.શ્રી હાજર નથી.

આ કામે ફરીયાદી તરફે દલીલ કરવામાં આવેલ છે કે, ફરીયાદી ખેડુત વર્ગના માણસ છે. અને આરોપીએ ફરીયાદીની વેચાણ આપેલ ડુંગળીની રકમ ચુકવવા વિશ્વાસ આપી, ફરીયાદવાળો ચેક આપેલ અને આ ચેક વણચુકવેલ પરત ફરાવેલ છે. આરોપીએ આપેલ વિશ્વાસ મુજબ, ફરીયાદીની કાયદેસરની લેણી રકમ નહી મળતા ફરીયાદીને વેપારમાં ઘણુ જ સહન કરવુ પડેલ છે અને તે કારણે ફરીયાદીના રોજીંદા જીવનમાં પણ ઘણુ જ સહન કરવુ પડેલ છે. કાયદા ધ્વારા ચેક ધ્વારા થતા વ્યવહાર અંગે સમાજમાં વિશ્વાસ જળવાઈ રહે તે હેતુથી કાયદાના ઘડનારા ધ્વારા આ કલમની જોગવાઈ કરવામાં આવેલ છે, ત્યારે જો આરોપીને પુરવાર થયેલ આ સજાપાત્ર ગુના સારુ કડક સજા કરવામાં નહી આવે તો કાયદો બનાવવાનો મુળ આશય મરી પરવારશે. ઉપરોકત હકીકતે ફરીયાદી તરફે આરોપીને કડકમાં કડક સજા કરવા તથા ફરીયાદીને થયેલ નુકશાન બાબતે વળતર ચુકવવા અરજ ગુજારવામાં આવેલ છે.

**૧૪.૨::** ના. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સરકયુલેટ થયેલ શરદ જેઠાલાલ સાવલા વીરુધ્ધ ગુજરાત રાજય ના ક્રિમીનલ મીસ્ક. એપ્લીકેશન ( ફોર ડાયરેકશન) નં. ૧૯૮૬૨/૨૦૧૬ ના તા. ૧૪/૧૧/૧૬ ના હુકમમાં ના. વડી અદાલતે ઠરાવેલ છે કે,

22. so, far as the first question is concerned as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial court.

23. However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.

ઉપરોકત ચુકાદામાં ના. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંત ધ્યાને લઈ હાથ ઉપરના કેસમાં રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લેતા, હાલના કેસની કાર્યવાહી દરમ્યાન આરોપી હાજર રહેલ નથી, આરોપી તરફે વિ.વ.શ્રી એચ.એન.મહેતા હાજર રહેલ છે, તથા ફરીયાદ પક્ષના સાહેદોની ઉલટતપાસ આરોપી તરફે વિ.વ.શ્રી મહેતા તરફથી કરવામાં આવેલ છે. વધુમાં હાલના કામે સજા માટે સાંળવા માટે આરોપીને હજર રાખવાની વિ.વ.શ્રી ને સુચના આપેલ હોવા છત આરોપી કોર્ટ રુબર હાજર રહેલ નથી. આરોપી ને આ કામે વારંવાર વોરંટની બજવણી સારુ મોકલી આપવામાં આવેલ છે, પરંતુ આરોપીએ આ વોરંટની બજવણી થઈ શકેલ નથી અને આરોપીએ સતત કોર્ટમાં કાર્યવાહી દરમ્યાન હાજર રહેવામાંથી દુર રહેલ છે. ત્યારે ના. વડી અદાલતનો ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા, આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવતો હુકમ જાહેર કરવામાં આવેલ છે.

**૧૪.૩::** બંને તરફેની દલીલો સાંભળી. આ કામે ફરીયાદ પક્ષ આરોપી સામે ધી નેગો. ઈ. એકટ ની કલમ ૧૩૮ અન્વયેનો ગુનો પુરવાર કરી શકેલ છે. ના. સુપ્રિમ કોર્ટ ધ્વારા અનેક ચુકાદામાં કાયદાના અવકાશનુ વર્ણન કરેલ છે અને ધી. નેગો. ઈ. એકટ કલમ ૧૩૮ હેઠળ પુરતી સજાની જરુરીયાત ઉપર ભાર મુકેલ છે. હાલમાં દેશમાં નાણાકીય વ્યવહારો યોગ્ય અને સરળ રીતે થઈ શકે તેમજ લોકો વચ્ચે પ્રમાણીકતા થી સમગ્ર દેશમાં નાણાકીય વ્યવહારો થઈ શકે તે માટે ચેક ને ઉપકરણ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. માત્ર લેણદારો ની છેતરપીડી કરવાના કારણે હાલમાં વ્યવસાયીક લેવડ દેવડમાં ચેક થી થતા વ્યવહારો ઘટવા પામેલ છે. ચેક પરત થતા બેંકીગ તથા અન્ય વ્યવસાયમાં ચેક ધ્વારા થતા વ્યવહારોની

વિશ્વનીયતા ને ગંભીર અસર પડેલ છે. ભારતની સંદ ધ્વારા રોકડ વ્યવહારોના પર્યાય તરીકે ચેક થકી વ્યવહારો થાય તે માટે ધી નેગો.ઈ.એકટ માં પ્રકરણ –૧૭ ઉમેરવામાં આવેલ છે. વધુમાં હાલમાં ચેક રીટર્ન ના કેસોની સંખ્યામાં વધારો થયેલ છે. જેથી સામાન્ય માણસોમાં ચેક થકી થતા વ્યવહારોમાં વિશ્વસનીયતા રહેલ નથી. આ કામે આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીની રકમ મેળવી તે પરત કરવા ચેક આપેલ છે. જે ચેક વણચુકવે પરત થયેલ છે અને તેમ કરી આરોપીએ આર્થિક ગુનો કરેલ છે. આ કામે ચાલુ કામે આરોપી સતત ગેરહાજર રહેલ છે, જે હકીકત પણ ધ્યાને લેવી જરુરી છે. ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ– ૩૬૦ ની જોગવાઈઓ ધ્યાને લેતા તેમજ આરોપી સામે પુરવાર થયેલ ગુનાની હકીકતો જોતા આરોપીને પ્રોબેશનનો લાભ મળવાપાત્ર નહી હોવાનુ હું માનુ છુ. આ કામે આ કેસનુ રેકર્ડ વંચાણે લેતા, આરોપી આ કામે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન સતત ગેર હાજર રહેલ છે. આ કામનુ રેકર્ડ વંચાણે લેતા ઘણી જ મુદ્દતોએ આરોપીને હાજરીમાંથી માફી આપેલ છે. તેમછતા આરોપી આ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન સતત ગેર હાજર રહેલ છે. આજરોજ આ કામે હુકમ માટે રાખેલ છે, ત્યારે પણ આરોપી હાજર નથી.

**૧૪.૪::** ફરીયાદી તરફે થયેલ રજુઆતો તેમજ કેસની હકીકતો જોતા, ફરીયાદીએ હાલની રકમ આરોપીને ઉધળ વાવવાં આપેલ જમીનની નકકી થયેલ રકમ ચુકવવા સંદર્ભે આરોપીએ આપેલ ચેક પરત કરેલ છે. જે રકમના અભાવે ફરીયાદી ને પોતાને જીવન જરુરીયાત અંગે તેમજ તેઓના ધંધાકીય પ્રવૃતીમાં મુશ્કેલીઓ ઉભી થયેલ હોવાનુ માની શકાય તેમ છે. જે તમામ હકીકતો તેમજ હાલના કાયદાનો ઉદ્દેશ તેમજ સમાજમાં આવા પ્રકારના ગુનાઓ થતા અટકે તેમજ બહુજન સમાજનો ચેકથી થતા વ્યવહારમાં વિશ્વાસ ટકી રહે તે જરુરી છે. આરોપી સામેના પુરવાર થયેલ ગુનાની સજાની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો બે વર્ષ સુધીની કેદની સજાની જોગવાઈ અથવા ચેકની રકમ કરતા બે ગણા દંડની રકમ અથવા બંને ની જોગવાઈ કરવામાં આવેલ છે. આરોપી સામે પુરવાર થયેલ ગુનાની ગંભીરતા, આરોપીની ઉંમર ધ્યાને લઈ, તથા આરોપીના હાલના ગુનાના કારણે ફરીયાદીને ભોગવેલ પરીતાપ અને નુકશાન ધ્યાને લેતા ન્યાયના હીતમાં નીચે મુજબના આખરી હુકમ મુજબ સજાનો હુકમ કરવામાં આવે છે.

**૧૪. ૫::** હાલના કામે ફરીયાદપક્ષે વળતરની માંગણી કરેલ છે. આરોપીએ ફરીયાદીને સદરહુ રકમ નીયત સમયમાં ચુકવવાની હતી, તે નીયત સમયમાં આરોપીએ આ રકમ પરત નહી

કરતા ફરીયાદીની રકમ ખોટી રીતે રોકી રાખેલ છે. ના. સર્વોચ્ચ અદાલત ધ્વારા **2001 (1) Crimes.S.C. Page No. 165, Pankajbhai Nagjibhai Patel Vs. State of Gujarat ના ચુકાદામાં ઠરાવાયેલ છે કે, "ચેકનો અનાદર થયેથી, દંડ, સજા તથા નુકશાન વળતર ચુકવવાનો હુકમ થઈ શકે અને મેજીસ્ટ્રેટે સી.આર.પી.સી. ની કલમ ૩૫૭ હેઠળની સત્તા વાપરવી જોઈએ."**

ના. એપેક્ષ કોર્ટના ઉપરોકત ચુકાદામાં ઠરાવાયેલ સીધ્ધાંત તથા આ કામે આરોપીના પુરવાર થયેલ હાલના ગુનાના કારણે ફરીયાદીને થયેલ નુકશાન તથા આરોપીની કસુરના કારણે ફરીયાદીના કીંમતી સમયનો વ્યય થયેલ હોય તેમજ તેઓની રોજ બરોજની ધંધાકીય પ્રવૃતીને અસર થયેલ છે. જે હકીકતો ધ્યાને લઈ સી.આર.પી.સી.ની કલમ ૩૫૭(૩) મુજબ ફરીયાદીને ચેકની રકમ કરતા બમણી રકમ વળતર તરીકે ચુકવવા હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે, જે તમામ હકીકતો ધ્યાને લઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// આખરી હુકમ //

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૫૫(૨) અન્વયે આરોપી : રવજીભાઈ પટેલ એન્ડ સન્સ ના પ્રોપરાઈટર જયંતીભાઈ આર. પટેલ, રહે. કે/ઓફ દર્શન ફુડ પ્રા. લી., હરીપર રોડ, મહુવા, તથા આરોપીની પ્લી મુજબ રહે. સર્વોદય સોસાયટી, મહુવા, જી. ભાવનગર વાળાને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ની કલમ ૧૩૮ અન્વયેના શીક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી બાર (૧૨) માસની સાદી કેદની સજા નો હુકમ કરવામાં આવે છે.

૨. ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ ૩૫૭(૩) મુજબ ચેકની રકમ કરતા બમણી રકમ, એટલે કે રુ. ૧૦,૪૧,૪૦૦/–/– અંકે રુપીયા દસ લાખ એકતાળીસ હજાર ચારસો પુરા, વળતર પેટે આરોપીએ ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૪૨૮ અન્વયે કાચા કામના કેદી તરીકે ભોગવેલી સજા મજરે આપવી. આરોપીઓએ તમામ કેદની સજા એક સાથે ભોગવવી.

૪. આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૩૬૩ અન્વયે સદર ચુકાદાની એક નકલ વિના મુલ્યે આપવી.

૫. આરોપી વીરુધ્ધ ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ ૪૧૮ (૨) અન્વયે વોરંટ કાઢવુ તથા બજવણી સારુ ડી.એસ.પી.શ્રી, ભાવનગરને મોકલી આપવુ. ડી.એસ.પી.શ્રી ભાવનગરને હુકમ કરવામાં આવે છે કે આ સજા વોરંટની તાત્કાલીક બજવણી કરી, આરોપીને સબ જેલ, મોરબી ખાતે સજા ભોગવવા મોકલી આપવો તથા તે અંગે આ અદાલતને રીપોર્ટ કરવો.

હુકમ આજરોજ તા. ૧૫ માહે –એપ્રીલ, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી આદલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૫/૦૪/૨૦૧૯

( બકુલકુમાર મણીલાલ રાજ)
એડીશનલ જયુડી.મેજી.ફ.ક., હળવદ...
UIC : GJ 01462